# ભારત એક એક શહીદનો હિસાબ લેશે : મોદી

**ભારત હવે ચુપ નહીં બેસે : બિહારના પટના ગાંધી મેદાનમાં એનડીએનું શક્તિપ્રદર્શન : સંકલ્પ રેલીમાં મોદી-નીતિશ હાજર રહ્યા : દેશને ખરાબ નજરથી જોનાર સામે આ ચોકીદાર દિવાલ બનીને ઉભો છે : એર સ્ટ્રાઈકના પુરાવા માંગતો વિપક્ષ પાકિસ્તાનને તાળિયો પાડવાની તક આપે છે : પાંચ વર્ષમાં જેટલા કામ થયા છે, તે વખતે જો મહાવિલાવટ વાળી સરકાર હોત તો તમામ કામો ના થઈ શક્યા હોત : ચોકીદારને ગાળો આપવાની સ્પર્ધા ચાલી રહી છે**

પટના,તા.૩

પટનાના ગાંધી મેદાનમાં યોજાયેલી સંકલ્પ રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ તેમજ અન્ય વિપક્ષ પાર્ટીઓ પર જોરદાર કટાક્ષ કર્યો હતો. પીએમ મોદીએ એરસટ્રાઈકનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, કોંગ્રેસ અને તેમના સહયોગી દળો આ અવસર ઉપર એવી વાતો કરી રહ્યા છે, જેના પર પાકિસ્તાનમાં તાળિઓ પડે છે. પીએણએ ચારા કૌભાંડનો અને બેનામી સંપત્તિનો ઉલ્લેખ કરીને આરજેડીને પણ આડેહાથે લીધી હતી. પીએમ જણાવ્યું કે બિહારના લોકો સારી રીતે જાણે છે કે ચારા કૌભાંડના નામે શું-શું થયું છે. હવે પીએમ કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ વચેટિયાઓ અને દલાલોને દૂર કરી દેવાયા છે અને સીધા જ ખેડૂતોના બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવામાં આવે છે.



સુરક્ષા કોઈ ગરીબની હોય કે દેશની. દેશ પર ખરાબ નજર કરનારાંઓની સામે તમારો આ ચોકીદાર અને દ્રઢ્ઢ ગઠબંધન દીવાલ બનીને ઊભું છે.

પીએમ મોદીએ જણાવ્યું કે જ્યારે આપણા દેશની સેના આતંકને કચડવામાં વ્યસ્ત હતી, તેવા સમયે દેશની અંદર કેટલાક લોકો એવું કામ કરી રહ્યા હતા, જેનાથી દુશ્મનોના ચહેરાઓ ખીલી ઉઠ્યા હતા. તેમણે જણાવ્યું કે, 'કોંગ્રેસ અને તેમના સહયોગીઓ એવી વાત કરે છે જેનાથી પાકિસ્તાનમાં તાલીઓ પડે છે. જ્યારે કે તેમણે આતંકની ફેક્ટરી વિરુદ્ધ એક સૂરમાં વાત કરવાની જરૂર હતી, ત્યારે દિલ્હીમાં ૨૧ પક્ષો એનડીએ વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ લાવી હતી. દેશનો કોઈપણ વ્યક્તિ તેમને માફ નહીં કરે.'

પીએમે જણાવ્યું કે દેશનો ચોકીદાર સંપૂર્ણ રીતે સજાગ છે અને તે દેશના હિતમાં કામ કરતો રહેશે. વિપક્ષના લોકો આપણા જવાનોના પરાક્રમ પર સંદેહ કરતા રહેશે. આતંકી ઠેકાણાને નષ્ટ કરવા માટે આ લોકો પુરાવા માંગી રહ્યા છે. હું કોંગ્રેસ અને તેમના સહયોગી દળો પાસેથી જાણવા માંગુ છું કે શા માટે તેઓ દેશના વિરોધીઓને ફાયદો પહોંચાડી રહ્યા છે.

પીએમ મોદીએ બિહારમાં હવે પંચધારા વહેશે તેવો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, રાજ્યમાં નીતીશ બાબુની સરકાર અને કેન્દ્રમાં પણ એનડીએ સરકારના સહયોગથી યુવાનોને પઢાઈ, ગરીબોને કમાઈ, બીમારોને દવાઈ, ખેડૂતોને સિંચાઈ અને જન જનની સુનવાઈની પંચધારા વહેશે.

પીએમએ જણાવ્યું કે, 'ગરીબો માટે જેટલા પણ પગલાં લેવા પડશે, તે અવશ્ય લેવઈ રહ્યા છે. એનડીએ સરકારે પણ લગભગ ૫૦ કરોડ ગરીબોને ૫ લાખ રૂપિયાની મફત સારવારની યોજનાથી જોડ્યા. ૨૦૧૪થી અત્યાર સુધીનો સમય માળખાકીય જરૂરિયાતોને પૂર્ણ કરવાનો હતો. હવે આગળના સમયમાં ૨૧મી સદીમાં દેશ નવી ઊંચાઈ પર પહોંચશે. અમે પ્રથમ પાંચ વર્ષમાં મજબૂત પાયો નાંખ્યો છે. હવે તેના પર ભવ્ય ઈમારત બનાવવાનો સમય છે.'

## સરકાર એર સ્ટ્રાઈકના નક્કર પુરાવા આપે : દિગ્વિજય સિંહ

**કોંગી નેતાએ એર સ્ટ્રાઇકના પુરાવા માંગ્યા : ઇમરાન ખાનના વખાણ કર્યા**

ઈન્દોર, તા.૩

ભારતીય વાયુસેનાએ છેક પાકિસ્તાનમાં ૭૦ થી પણ વધારે કિલોમીટર સુધી અંદર ઘુસીને ૧૦૦૦-૧૦૦૦ કિલોના લગભગ ૬ બોમ્બ ફેંક્યા હતાં. જેમાં જૈશ-એ-મોહમ્મદના ૩૦૦થી પણ વધારે આતંકીઓના ઢીમ ઢળી ગયા હતાં. સેનાના આ પરાક્રમ પર દેશ આખો ગર્વ લઈ રહ્યો છે ત્યારે કોંગ્રેસે આ હુમલાના પુરાવા માંગ્યા છે. એટલું જ નહીં કોંગ્રેસના નેતાએ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનની બેમોઢે પ્રશંસા પણ કરી છે.

કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે કેન્દ્ર સરકારને એર સ્ટ્રાઈકની સાબિતી આપવા કહ્યું હતું. એટલુ જ નહીં દિગ્વિજય સિંહે પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાનની પ્રશંસા કરી છે. ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર અભિનંદનની વાપસીના સંબંધમાં કહ્યું હતું કે ઈમરાન ખાને સાબિત કરી દીધું છે કે તે એક સારા પાડોશી છે.

દિગ્વિજય સિંહે કહ્યું હતું કે પાકિસ્તાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલી એર સ્ટ્રાઈક પર પીએમ મોદી ઉપર નિશાન સાધતા કહ્યું હતું કે, જે રીતે અમેરિકાએ લાદેન વિશે સાબિતી આપી હતી તે રીતે કેન્દ્ર સરકારે પણ એર સ્ટ્રાઈકની સાબિતી આપવી જોઈએ.

કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે ઈન્દોરમાં મીડિયા સામે પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાનની પ્રશંસા કરી હતી. દિગ્વિજય સિંહ વિંગ કમાન્ડર અભિનંદનની વતન વાપસી પર કહ્યું હતું કે, પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન જીને અભિનંદન આપુ છું. તેમણે સાબિત કર્યું છે કે તે સારા પાડોશી છે. પાકિસ્તાને હવે આતંકી સરગના હાફિઝ સઈદ અને અઝહર મસુદને પણ ભારતને સોંપી દેવો જોઈએ તેમ પણ દિગ્વિજયે ઉમેર્યું હતું.

## સરહદ પર અથડામણના ત્રીજા દિવસે વધુ બે આતંકવાદીઓ ઠાર

શ્રીનગર, તા. ૩

જમ્મુ કાશ્મીરના કુંપવારા જિલ્લાના હેન્ડવારામાં આતંકવાદીઓની સાથે ચાલી રહેલી અથડામણમાં સુરક્ષા દળોને આખરે સફળતા મળી છે. છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી અથડામણમાં આજે બે અન્ય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. અલબત્ત આ અથડામણમાં પાંચ સુરક્ષા જવાનો શહીદ થઈ ચુક્યા છે. આ એન્કાઉન્ટરમાં શહીદ થયેલાઓમાં સીઆરપીએફના ત્રણ જવાન અને જમ્મુ કાશ્મીર પોલીસના બે જવાનોનો સમાવેશ થાય છે. ભારતીય સેનાની નોર્થન કમાન્ડ દ્વારા પોતાના ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે, કુંપવારામાં ચાલી રહેલા ઓપરેશનમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. સંયુક્ત ઓપરેશન સફળરીતે પાર પાડવામાં આવ્યું છે. ત્રાસવાદીઓ ઘરમાં છુપાયેલા હતા. સુરક્ષા કર્મચારીઓ એન્કાઉન્ટર બાદ શુક્રવારના દિવસે જ્યારે કાટમાણમાં તપાસ કરી રહ્યા હતા ત્યારે ત્રાસવાદીઓએ એકાએક નિકળીને ગોળીબાર કર્યો હતો. આ અથડામણમાં સીઆરપીએફની ૯૨ની બટાલિયનના તૈનાત ઉત્તરપ્રદેશના મોદીનગરના વિનોદકુમાર શહીદ થયા છે. વિનોદકુમાર શુક્રવારના દિવસે ત્રાસવાદીઓના ગોળીબારમાં ઘાયલ થયા હતા. તેમને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા પરંતુ રસ્તામાં જ તેઓ શહીદ થયા હતા. વિનોદના ભાઈ રાજેન્દ્રએ કહ્યું હતું કે, તેમને શુક્રવારે મોડી રાત્રે જ શહીદ થયા હોવના સમાચાર મળ્યા હતા. બીજી બાજુ શુક્રવારના દિવસે જ અથડામણમાં બિહારના બેગુસરાય જિલ્લાના પિન્ટુકુમાર સિંહ શહીદ થયા હતા. હેન્ડવારામાં અથડામણમાં પિન્ટુકુમારને ઈજા થઈ હતી. ત્યારબાદ તેમનું ઈજાના કારણે અવસાન થયું હતું.

## અડાલજમાં અન્નપુર્ણા માતાજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

**અન્નપુર્ણા ધામમાં આજે અન્નપુર્ણા માતાની મુર્તિ પ્રસ્થાપિત કરવામાં આવશે : શોભાયાત્રા અને જલયાત્રામાં પણ ભાવિકો, હરિભક્તો ઉત્સાહભેર જોડાયા**

ગાંધીનગર તા ૩

અડાલજમાં અન્નપુર્ણા માતાજીના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અન્વયે ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જલયાત્રા અને શોભાયાત્રા દરમિયાન મોટી સંખ્યામાં જોડાયેલી કુંવારી બહેનોએ અડાલજની ઐતિહાસિક વાવમાંથી પાણી લઈ પુજા સ્થળે જલયાત્રામાં આવી પહોંચી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિરથી શણગારાયેલા રથમાં અન્નપુર્ણા માતાની મુર્તિ, અંબાજી માતા, તેમજ ખોડિયાર માતા, હનુમાનજી , ગણેશજી,યમદેવ, વરુણદેવ અને ઈન્દ્રદેવની મુર્તિ સાથે બેન્ડ બાજા સાથે ભવ્ય શોભાયાત્રાનુ ઠેર ઠેર ભાવિકોએ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. હરિભક્તો અને ગ્રામજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિમાં વરઘોડા સ્વરૂપે આ મુર્તિઓને યજ્ઞ મંડપમાં લાવી અભિષેક કરવામાં આવ્યો હતો. જયારે તા ૪ માર્ચના રોજ પણ સવારે ૧૦ કલાકે દેવતાઓને આહુતિ આપવામાં આવશે. જયારે ૧૨ : ૩૯ કલાકે મુર્તિઓને મંદિરમાં પ્રસ્થાપિત કરવામાં આવશે. ત્યારબાદ સાંજે ૫ કલાકે આરતી યોજાશે. જયારે આજે શોભાયાત્રા દરમિયાન અન્નપુર્ણાધામના પ્રમુખ નરહરિ અમીન,ચેરમેન રવજીભાઈ વસાણી, બિપિન પટેલ, હિંમાશુ પટેલ,હિતેશ પટેલ, સુરેશ પટેલ, ઉરેન પટેલ સહીત લેઉવા પાટીદાર આગેવાનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## વિક-એન્ડમાં ECI લોકસભાની ચૂંટણી જાહેર કરશે; રાજ્યમાં એક જ તબક્કામાં ૨૬ બેઠકોનું મતદાન

ભારતમાં લોકસભાની ચૂંટણીની તારીખો માર્ચના પહેલા સપ્તાહમાં જાહેર થવાની સંભાવના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની બે દિવસની મુલાકાત પૂર્ણ કરીને જ્યારે દિલ્હી પાછા જશે ત્યાર પછી એક બે દિવસમાં ભારતનું ચૂંટણી પંચ તારીખો જાહેર કરશે. જે દિવસે તારીખ જાહેર થશે તે દિવસથી જ ચૂંટણીની આચાર સંહિતા લાગુ કરી દેવાશે. ૨૦૧૪માં ચૂંટણી પંચે ૭ એપ્રિલ થી ૧૨મી મે સુધીના અલગ અલગ તબક્કાઓમાં ચૂંટણી યોજવાનું નક્કી કર્યું હતું. ૧૬ મી મે એ મતગણતરી અને પરિણામ જાહેર થયું હતું. ચૂંટણી પંચ ઈસ્ટ, સેન્ટ્રલ ઈન્ડિયા, વેસ્ટ, નોર્થ, સાઉથ, નોર્થઈસ્ટ અને યુનિયન ટેરેટરી જેવા કુલ સાત વિભાગોમાં આવેલા રાજ્યોમાં ચૂંટણીની તારીખો જાહેર કરશે. પંચના સૂત્રો કહે છે કે ગુજરાતમાં એપ્રિલ મહિનામાં ચૂંટણી આવશે અને એક જ તબક્કામાં ૨૬ બેઠકોની ચૂંટણી પૂર્ણ થશે. દેશના વેસ્ટ પાર્ટમાં ગોવા, ગુજરાત મહારાષ્ટ્ર અને રાજસ્થાન આવે છે. આ ચારેય રાજ્યોમાં ૨૦૧૪માં એપ્રિલ મહિનામાં ચૂંટણી યોજવામાં આવી હતી. છેલ્લી લોકસભામાં ભાજપને ૨૮૨ બેઠકો મળી હતી, જે ૨૦૦૯ની ચૂંટણીમાં માત્ર ૧૧૬ હતી, જ્યારે કોંગ્રેસને માત્ર ૪૪ બેઠકો મળી હતી જે ૨૦૦૯માં ૨૦૬ બેઠકો હતી. ચૂંટણીને અનુલક્ષીને રાજ્યમાં ભાજપ અને કોંગ્રેસના પ્રદેશ નેતાઓએ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરી છે. પાર્ટીના સૂત્રો કહે છે કે ભાજપ આ વખતે ૨૬ પૈકી ૧૨ થી ૧૫ ઉમેદવારો બદલશે, જ્યારે કોંગ્રેસના હારી ગયેલા ૨૬ પૈકી માત્ર ૧૦ થી ૧૨ ઉમેદવારોને જ રિપીટ કરે તેમ લાગી રહ્યું છે.

## લોકો પણ ઘાસ ખાય છે-- ગૌચરની જમીન માણસો ચરી ગયા, રાજ્યના ૨૭૫૪ ગામોમાં ગૌચર શૂન્ય

**ગાયોને ચરવાની જમીન લોકો ચરી ગયા...**

ગુજરાતમાં ગાયો અને પશુઓ માટે ચરવાની જમીનમાં ગેરકાયદે બાંધકામો થઈ ગયા છે. કેટલીક જગ્યાએ લોકોએ તેમના અડ્ડા બનાવી દીધા છે. રાજ્યના ૩૩ પૈકી ૨૮ જિલ્લાઓમાં ગૌચરની જમીનમાં દબાણો થયાં હોવાની ૨૩૧૫ ફરિયાદો સરકારને મળી છે. મહેસૂલ વિભાગના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે સૌથી વધુ ૧૧૦૪ ફરિયાદો ભાવનગર જિલ્લામાં નોંધાઈ છે. બીજાક્રમે ૨૯૦ ફરિયાદો સાથે ગાંધીનગર આવે છે. અમદાવાદમાં ૧૨૪ અને મહેસાણામાં ૨૧૭ ફરિયાદો છે. સરકારે દાવો કર્યો છે કે ૯૭૨ હેક્ટર જમીનમાંથી ગેરકાયદે દબાણો મુક્ત કરી જમીન ખુલ્લી કરી છે. ગૌચરની જમીનમાં દબાણો ન હોય તેવા જિલ્લામાં ડાંગ, નવસારી, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડ જિલ્લો આવે છે જે મોટાભાગે આદિવાસી વસતી ધરાવે છે. બનાસકાંઠા, દાહોદ અને પંચમહાલ જિલ્લા એવા છે કે જ્યાં માત્ર એક જ ફરિયાદ નોંધાઈ છે. કેટલીક જગ્યાએ ખુદ સરકારે ગૌચરની જમીન ઉદ્યોગોને પધરાવી દીધી છે. ગાયોને ઘાસના તણખલા માટે પણ તરસવું પડે છે ગુજરાતના ૨૭૫૪ ગામો એવા છે કે જ્યાં એક ઈંચ જમીન પણ ગૌચર માટે બચી નથી ગાયના નામે મત માગી ગૌચર નાબૂદ કરનાર ભાજપ સરકારના માનીતા ઉદ્યોગપતિઓ અને સત્તાના દલાલો ગૌચર જમીન ચરી ગયા છે. છેલ્લા બે વર્ષ દરમિયાન પણ ગૌચર જ્યાં સાવ સાફ થઈ ગયું તેવા ગામોની સંખ્યા ૧૯૪ ને છે ગૌચરની આવી જમીનો પર ગેરકાયદે દબાણો થઈ ગયા છે આવા આવા દબાણો દૂર કરવા સરકાર પરિપત્રના નાટક કરે છે પરંતુ જમીન પાછી મેળવી શકતી નથી.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**ગુજરાતમાંથી ૧૨૫૦૦ બાળકો ગૂમ થયાં છે...**

ગુજરાતમાંથી ૧૨૫૦૦ જેટલા બાળકો છેલ્લા પાંચ વર્ષમાં ગૂમ થયાં છે. સરકારના ગૃહ વિભાગનો દાવો છે કે ગૂમ થયેલા બાળકો પૈકી ૧૦૦૦૦થી વધુ બાળકો પાછા મળી ગયા છે. પાંચ વર્ષના આંકડા આપતાં ગૃહ વિભાગે જણાવ્યું છે કે સૌથી વધુ ૨૬૦૦ બાળકો સુરત શહેરમાંથી ગૂમ થયાં છે. બીજાક્રમે ૨૪૦૦ સાથે અમદાવાદ શહેર આવે છે. ગાંધીનગરમાંથી ૫૫૦ બાળકો ગૂમ થયાં છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૭૦૦ અને સુરત ગ્રામ વિસ્તારમાંથી ૨૮૦ બાળકો ગૂમ થયાં છે. રાજકોટ શહેરમાંથી ૫૦૦ અને વડોદરા શહેરમાંથી ૯૦ બાળકો ગૂમ થયાં છે. આટલી મોટી સંખ્યામાં બાળકો ગૂમ થવાની ઘટનાને સરકારે ગંભીર ગણીને બાળકો પાછા મેળવવા માટે લોકોના સહકારથી એક અભિયાન ઉપાડ્યું હતું જેમાં ગૂમ થયેલા બાળકો પૈકી ૮૫ ટકા પાછા મેળવવામાં આવ્યા છે. સરકારે ફ્રેન્ડસ ઓફ વુમન એન્ડ ચિલ્ડ્રન ગ્રુપ બનાવ્યુ છે જેઓને બાળકો શોધવાની પોલીસ તાલીમ આપે છે. ગૃહ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ગૂમ થયેલા બાળકો ચાર મહિનાથી વધુ સમય સુધી ન મળી આવે તો તેની તપાસ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટને સોંપવામાં આવતી હોય છે. સરકારે ટ્રેક ધ મિસીંગ ચિલ્ડ્રન નામની વેબસાઈટ બનાવી છે જેના પર શૂન્ય થી ૧૮ વર્ષની વય ધરાવતા બાળકોની એન્ટ્રી કરવામાં આવે છે. આશ્ચર્યની બાબત એવી છે કે આદિવાસી વિસ્તાર ધરાવતા જિલ્લાઓમાં બાળકો મિસીંગ થવાની ઘટનાઓ ખૂબ ઓછી બની રહી છે. ડાંગમાં પાંચ વર્ષમાં માત્ર ૧૦ અને નર્મદામાં ૧૫ બાળકો ગૂમ થયાની ફરિયાદ મળી છે.

## અહો આશ્ચર્યમ્: ૮૪૦૦ સ્કૂલોમાં બાળકો માટે રમતના મેદાન નથી છતાં સરકાર ખેલ મહાકુંભ યોજે છે

**ખેલ મહાકુંભ યોજાય છે પણ રમત ક્યાં રમવી...**

ગુજરાતમાં છેલ્લા ૧૮ વર્ષથી ખેલ મહાકુંભ યોજવામાં આવે છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ૨૦૧૦માં ખેલ મહાકુંભ યોજના દાખલ કરી હતી. સ્કૂલ અને કોલેજોના બાળકો તેમને મનગમતી રમતની સ્પર્ધામાં ભાગ લઈને પુરસ્કાર મેળવે છે. શિક્ષણ વિભાગમાં એવો કાયદો છે કે કોઈપણ સ્કૂલ હોય તેને રમતનું મેદાન હોવું જોઈએ પરંતુ રાજ્યમાં એવી સ્કૂલો છે કે જ્યાં રમતના મેદાન નથી. કેટલીક સ્કૂલો દુકાન કે ઘરમાં ચાલે છે. પ્રાઈવેટ સ્કૂલોની સરખામણીએ સરકારી સ્કૂલોમાં રમતના મેદાનનો અભાવ વર્તાય છે. શિક્ષણ વિભાગના આકંડા પ્રમાણે રાજ્યની ૬૭૦૦ સરકારી સ્કૂલો એવી છે કે જ્યાં બાળકો માટે રમતના મેદાન નથી. કેટલીક જગ્યાએ રમતના મેદાનની જગ્યાએ કોમર્શિયલ પ્રવૃત્તિ થાય છે. બીજી તરફ ૧૭૦૦ જેટલી પ્રાઈવેટ સ્કૂલોમાં રમતના મેદાન નથી. અમદાવાદ જેવા વધુ વસતી ધરાવતા શહેરમાં ૯૮ સરકારી અને ૬૭૬ પ્રાઈવેટ સ્કૂલમાં રમતના મેદાન નથી. ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોમાં રમતના મેદાન જોવા મળે છે પરંતુ શહેરી વિસ્તારમાં આવેલી સ્કૂલોમાં મેદાનનો અભાવ છે. રાજ્યમાં ખેડા જિલ્લો એવો છે કે જ્યાં તમામ સરકારી અને પ્રાઈવેટ સ્કૂલોમાં રમતના મેદાન જોવા મળે છે. ગુજરાત ખેલ મહાકુંભનું દર વર્ષે આયોજન કરે છે પરંતુ બાળકો રમતની પ્રેક્ટિસ ક્યાં કરે તે સવાલ છે. ગુજરાતના ખેલ મહાકુંભની નકલ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આખા દેશમાં ખેલો ઈન્ડિયા મુવમેન્ટ શરૂ કરી છે. ગુજરાતમાં ગયા વર્ષે ૪૨ લાખથી વધુ બાળકોએ ખેલ મહાકુંભમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. સરકાર આ ખેલ મહાકુંભમાં કુલ ૩૪ ગેમ રમાડે છે.



## પરમીટનો શરાબ મોંઘો થતાં ગુજરાતને વિક્રમી આવક, ૧૫ હજાર કરોડના શરાબનું ગેરકાયદે વેચાણ

**રાજ્યમાં પરમીટનો દારૂ મોંઘો થતો જાય છે...**

ગુજરાતમાં પરમીટનો દારૂ મોંઘો થતો જાય છે. સરકારે ડ્યુટી વધારી દેતાં છેલ્લા એક વર્ષમાં પરમીટનો દારૂ વેચવાથી સરકારને ૧૬.૪૫ કરોડ રૂપિયાની આવક થઈ છે. સરકારે છેલ્લા પાંચ વર્ષમાં દારૂના વેચાણ થકી ૬૬.૪૫ કરોડની આવક થઈ છે. સૌથી વધુ દારૂ વેચવાની પરમીટ અમદાવાદની ૧૩ હોટલોને આપવામાં આવી છે. રાજ્યમાં કુલ ૫૭ હોટલો પાસે દારૂ વેચવાની પરમીટ છે. આ હોટલોએ છેલ્લા પાંચ વર્ષમાં ૮૦૦૦ કિલો લીટર દારૂ અને ૪૫૯૦૦ કિલો લીટર બિયરનું વેચાણ કર્યું છે. રાજ્યના માત્ર ૧૪ જિલ્લામાં દારૂ વેચવાની પરમીટ આપવામાં આવી છે જેમાં અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, સુરત, ભરૂચ, વડોદરા, ભાવનગર, રાજકોટ, નડીયાદ, આણંદ, મહેસાણા, કચ્છ, જામનગર, જૂનાગઢ અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. સુરતમાં પાંચ હોટલો પાસે પરમીટ છે છતાં સૌથી વધુ દારૂ સુરતમાં પીવાય છે. સરકારને સુરતમાંતી દારૂના ટેક્સની આવક અમદાવાદ કરતાં બમણી મળે છે. છેલ્લા એક વર્ષમાં જોઈએ તો અમદાવાદમાંથી સરકારને ટેક્સ પેટે ૨.૩૪ કરોડની આવક મળી છે જેની સામે સુરતમાંથી ૫.૫૦ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. દારૂમાં જીએસટી ઈફેક્ટ આવી છે. લિકર શોપ પર વિદેશી દારૂના ભાવમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. એટલે કે કડવા ઘૂંટ મોંઘા થયાં છે. પોલીસ સૂત્રો કહે છે કે રાજ્યમાં કાયદેસરના દારૂ કરતાં ૧૦૦૦ ગણો વધારે ગેરકાયદે દારૂ પ્રવેશે છે અને વેચાય છે, જેમાંથી સરકારને એક રૂપિયો પણ મળતો નથી. ગુજરાતમાં વિદેશી દારૂનો વર્ષે ૧૫ હજાર કરોડનો ગેરકાયદે બિઝનેસ છે.

**અમદાવાદમાં હથિયારો વેચતી ૧૩ દુકાનો છે...**

જાણીને આશ્ચર્ય થશે કે અમદાવાદમાં પિસ્તોલ અને બંદૂક જેવા હથિયારો વેચતી ૧૩ દુકાનો આવેલી છે. આ દુકાનો કાયદેસરની છે. રાજ્યના ગૃહ વિભાગે તેમને લાયસન્સ આપ્યાં છે. આ ૧૩ લાયસન્સ ડિલરોએ રિવોલ્વર, પિસ્તોલ અને ગન જેવા હથિયારો રાજ્યના જિલ્લાઓમાં તો વેચ્યાં છે પરંતુ એ ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને જમ્મુ-કાશ્મિર જેવા રાજ્યોને પણ વેચ્યાં છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ દુકાનોએ ૭૫૦ જેટલી રિવોલ્વર, ૧૬૦ જેટલી પિસ્તોલ, ૧૦૫૦ જેટલી ગન અને ૧૨૫ જેટલી રાયફલનું વેચાણ કર્યું છે. આમ ત્રણ વર્ષમાં કુલ ૧૨૧૩ હથિયારોનું વેચાણ કર્યું છે. આ હથિયારો લાયસન્સ ધારકોને આપવામાં આવ્યા છે.